Page 1

# ફોર્મ 26AS

આવકવેરા વિભાગ

કેન્દ્રીય પ્રત્યક્ષ કરવેરા બોર્ડ

**Page 2**

**પારદર્શિતા વધારવા માટે અને કર રિટન દાખલ કરવાની પ્રક્રિયાને વધારે સરળ બનાવવા માટે કેન્દ્રીય પ્રત્યક્ષ કરવેરા બોર્ડે તારીખ 28 મે 2020ના રોજની અધિસૂચના દ્વારા આવકવેરા અધિનિયમ, 1961ની કલમ 285BB અને આવકવેરા અધિનિયમ, 1962ની કલમ 114-1માં ફેરફાર કરીને તારીખ 01/06/2020થી ફોર્મ 26ASમાં સુધારો કર્યો છે. નવા ફોર્મ 26AS કોઇ વિશેષ વર્ષ માટે કરદાતાની સંપૂર્ણ સૂચના (પ્રોફાઇલ) બનાવે છે.**

નવું ફોર્મ 26AS, કરદાતા અંગે નીચે ઉલ્લેખિત માહિતી પૂરી પાડશે:

1. મોબાઇલ નંબર, ઈમેલ આઇડી, જન્મતારીખ / સમાવેશ (Incorporation) અને આધાર નંબર
2. TDS અને TCS સંબંધિત માહિતી
3. નિર્દિષ્ટ આર્થિક વ્યવહાર સંબંધિત માહિતી (સંપત્તિ તેમજ શેરના ટ્રાન્ઝેક્શન સંબંધિત માહિતી)
4. કરવેરાની ચૂકવણી સંબંધિત માહિતી
5. માંગ અને રિફંડ સંબંધિત માહિતી
6. વિલંબિત કાર્યવાહી સંબંધિત માહિતી
7. પૂર્ણ થઇ ગયેલી કાર્યવાહી સંબંધિત માહિતી
8. આવકવેરા વિભાગને કોઇપણ અન્ય રાષ્ટ્ર પાસેથી સંધિ/ માહિતી વિનિમય અંતર્ગત કરદાતાની વિદેશ સ્થિત આવક અથવા સંપત્તિ સબંધે પ્રાપ્ત થયેલી માહિતી
9. ઉપરોક્તના અધિક કેન્દ્રીય પ્રત્યક્ષ કરવેરા બોર્ડને સશક્ત બનાવવા સંબંધે જોગવાઇ અધિસૂચિત કરવામાં આવી છે જેથી આવકવેરા મહાનિદેશક (સિસ્ટમ્સ) અથવા અન્ય કોઇ અધિકારી, કોઇપણ અન્ય કાયદા અંતર્ગત કોઇપણ અન્ય અધિકારી અથવા સત્તામંડળ પાસેથી પ્રાપ્ત માહિતીને આ ફોર્મમાં અપલોડ કરી શકે છે. આ પ્રકારે કોઇ અન્ય કાયદા જેમ કે વસ્તુ અને સેવા કર (GST), સીમા શુલ્ક (કસ્ટમ), બેનામી સંપત્તિ વગેરે અંતર્ગત બહાર પાડવામાં આવેલા પ્રતિકૂળ આદેશ અથવા આરંભ કરવામાં આવેલી અથવા ધ્યાનમાં આવેલી અથવા પૂરી થયેલી પ્રતિકૂળ કાર્યવાહી સંબંધિત માહિતી જેમાં ટર્નઓવર, આયાત, નિકાસ વગેરે સંબંધિત માહિતી પણ સામેલ છે, તેને પણ ફોર્મ 26ASનો હિસ્સો બનાવી શકાય છે.

   ટિપ્પણી: આકારણી વર્ષ 2009-10થી ફોર્મ 26AS જોવામાં આવી રહ્યું છે. ફોર્મ 26AS PANની વર્તમાન સ્થિતિ (સક્રીય/ નિષ્ક્રિય/ હટાવેલ) પણ દર્શાવે છે.

**Page 3**

તમારું ફોર્મ 26AS કેવી રીતે જોશો?

કર ક્રેડિટ રિટન (ફોર્મ 26AS)ને નીચે ઉલ્લેખિત ત્રણ માધ્યમોથી જોઇ શકાય છે.

(I) https://www.incometax.gov.in પરથી કર ક્રેડિટ જુઓ:

જે કરદાતા ઉપરોક્ત ઉલ્લેખિત પોર્ટલ અર્થાત https://www.incometax.gov.in પર નોંધાયેલ હોય તેઓ વપરાશકર્તા નામ અને પાસવર્ડનો ઉપયોગ કરીને લોગીન કરી શકે છે અને 26AS જોઇ શકે છે. ઈ-ફાઇલ વિકલ્પ અંતર્ગત "INCOME TAX RETURNS"માં View Form 26AS (કર ક્રેડિટ) પર ક્લિક કરો અને તે પછી આકારણી વર્ષ, view type વગેરે માહિતી દાખલ કરીને તેને જોઇ શકાય છે. આ સુવિધા વિનામૂલ્યે ઉપલબ્ધ છે અને નોંધાયેલા ઉપયોગકર્તા આ હેતુ માટે https://www.incometax.gov.in નો ઉપયોગ કરી શકે છે.

(II) નેટબેન્કિંગ સુવિધા દ્વારા બેંક સાઇટ પરથી કર ક્રેડિટ વિવરણ (ફોર્મ 26AS) જુઓ:
આ સુવિધા કોઇપણ અધિકૃત બેંકમાં નેટબેન્કિંગ ખાતુ ધરાવતા PAN ધારક માટે ઉપલબ્ધ છે. કર ક્રેડિટ વિવરણ ફોર્મ (26AS) જોવાની સુવિધા માત્ર ત્યારે જ ઉપલબ્ધ થાય છે જ્યારે PANને નિર્દિષ્ટ ખાતા સાથે લિંક કરવામાં આવ્યો હોય. આ સુવિધા પણ વિનામૂલ્યે ઉપલબ્ધ છે.

ફોર્મ 26AS બતાવવા માટે નોંધાયેલી બેંકોની યાદી

1. એક્સિસ બેંક
2. બેંક ઓફ બરોડા
3. બેંક ઓફ ઇન્ડિયા
4. બેંક ઓફ મહારાષ્ટ્ર
5. કેનેરા બેંક
6. સિટી બેંક, એન.એ.
7. સિટી યુનિયન બેંક લિમિટેડ
8. ICICI બેંક લિમિટેડ
9. IDBI બેંક લિમિટેડ
10. ઇન્ડિયન ઓવરસીઝ બેંક
11. ઇન્ડિયન બેંક
12. જમ્મુ એન્ડ કાશ્મીર બેંક લિમિટેડ
13. કર્ણાટકા બેંક લિમિટેડ
14. કોટક મહિન્દ્રા બેંક લિમિટેડ
15. પંજાબ એન્ડ સિંધ બેંક
16. સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા



17. ધ ફેડરલ બેંક લિમિટેડ
18. ધ કરુર વૈશ્ય બેંક લિમિટેડ
19. ધ સારસ્વત કોઓપરેટીવ બેંક લિમિટેડ
20. યૂકો બેંક
21. યુનિયન બેંક ઓફ ઇન્ડિયા
22. HDFC બેંક લિમિટેડ
23. સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા
24. પંજાબ નેશનલ બેંક
25. ઇન્ડસ ઇન્ડ બેંક
26. યસ બેંક લિમિટેડ
27. ઇક્વિટાસ સ્મોલ ફાઇનાન્સ બેંક

ટિપ્પણી: આ વિકલ્પ માટે અલગથી કોઇ નોંધણી કરાવવાની જરૂર નથી કારણ કે સંબંધિત બેંક દ્વારા પહેલાંથી જ કરદાતાના KYC લાગુ કરવામાં આવેલા હોય છે.

(III) www.tdscpc.gov.in પર ક્રેડિટ જુઓ

**નિવાસી કરદાતાઓ માટે:**

નિવાસી કરદાતાએ પહેલા TRACES પોર્ટલ (www.tdscpc.gov.in) પર નોંધણી કરાવવી પડશે. તે પછી "Taxpayer" પર લોગીન કર્યા પછી તેઓ આવશ્યક વિગતો જેમ કે, પાસવર્ડ તેમજ સંબંધિત આકારણી વર્ષ વગેરે માહિતી દાખલ કરીને "View Tax Credit" statement (Form 26AS) પર ક્લિક કરીને ફોર્મ 26AS જોઇ શકે છે.

**બિન-નિવાસી કરદાતાઓ માટે:**

બિન-નિવાસી કરદાતાઓ www.nriservices.tdscpc.gov.in પર કર ક્રેડિટ જોઇ શકે છે. બિન-નિવાસી કરદાતાએ પહેલા TRACES પોર્ટલ પર નોંધણી કરાવવી જરૂરી છે. નોંધણી કર્યા પછી "Taxpayer" પર લોગીન કર્યા પછી તેઓ આવશ્યક વિગતો જેમ કે, પાસવર્ડ તેમજ સંબંધિત આકારણી વર્ષ વગેરે માહિતી દાખલ કરીને "View Tax Credit" statement (Form 26AS) પર ક્લિક કરીને ફોર્મ 26AS જોવા / તેને ડાઉનલોડ કરવાની વિંનતી કરી શકે છે.

(ફોર્મ 26AS વિવરણને પીડીએફ / ટેક્સ્ટ / એક્સેલ ફાઇલ ફોર્મેટમાં ડાઉનલોડ કરી શકાય છે અથવા HTML ફોર્મેટમાં જોઇ શકાય છે.) અહીં ઉલ્લેખિત તમામ બેંક લિંકને આવકવેરા વિભાગની રાષ્ટ્રીય વેબસાઇટ (www.incometax.gov.in) પર પણ જોઇ શકાય છે જ્યાં કરદાતા તેમના કર ક્રેડિટ જોવા માટે વિકલ્પની પસંદગી કરી શકે છે. પસંદ કરવામાં આવેલા વિકલ્પ અનુસાર વપરાશકર્તા TRACES વેબસાઇટ, ઇ-ફાઇલિંગ વેબસાઇટ અથવા ઇન્ટરનેટ બેન્કિંગ પર જઇ શકે છે.

ટિપ્પણી: વધારે / મોટા રેકોર્ડ્સ માટે વપરાશકર્તાએ ફોર્મ 26ASને ટેક્સ્ટ ફાઇલના ફોર્મેટમાં ડાઉનલોડ કરવા અંગે વિંનતી કરવાની રહેશે.

Page 5

નાણાકીય ટ્રાન્ઝેક્શન સ્ટેટમેન્ટ અંતર્ગત એવા ટ્રાન્ઝેક્શન કે જે નવા 26AS ફોર્મમાં સામેલ હશે:

| અનુ. નં. | ટ્રાન્ઝેક્શનનો પ્રકાર | ટ્રાન્ઝેક્શનની નાણાકીય મર્યાદા |
|---|---|---|
| 1 | રોકડ ચૂકવણી અથવા ઇશ્યુ કરવામાં આવેલા ડિમાન્ડ ડ્રાફ્ટ અથવા ચૂકવણી આદેશ અથવા કોઇ અન્ય બેંકનું ઇન્સ્ટ્રુમેન્ટ | નાણાકીય વર્ષમાં 10 લાખ રૂપિયા કરતાં વધારે |
| 2 | રોકડમાં પ્રીપેઇડ બેંક ઇન્સ્ટ્રુમેન્ટની ખરીદી | રોકડમાં 10 લાખ રૂપિયા અથવા વધારે કુલ ચૂકવણી |
| 3 | ચાલુ ખાતામાં રોકડ જમા / ઉપાડ | કુલ 50 લાખ અથવા વધારે |
| 4 | ચાલુ ખાતામાંથી અન્ય એક અથવા વધારે ખાતામાં રોકડ જમા અને ટાઇમ ડિપોઝીટ | કુલ 10 લાખ અથવા વધારે |
| 5 | ટાઇમ ડિપોઝીટ (અન્ય ટાઇમ ડિપોઝીટના નવીનીકરણના માધ્યમથી થયેલી ટાઇમ ડિપોઝીટ સિવાયની) | કુલ 10 લાખ અથવા વધારે |
| 6 | ક્રેડિટ કાર્ડ સંબંધે કરેલી ચૂકવણી | કોઇ એક વ્યક્તિ દ્વારા રોકડમાં કુલ એક લાખ અથવા વધારે અથવા કોઇ અન્ય માધ્યમથી કુલ 10 લાખ અથવા વધારે |
| 7 | ડિબેન્ચર્સની ખરીદી | કુલ 10 લાખ અથવા વધારે |
| 8 | શેરની ખરીદી (શેર અરજી નાણાં સહિત) | કુલ 10 લાખ અથવા વધારે |

| | | |
|---|---|---|
| 9 | શેરનું બાય બેક | કુલ 10 લાખ અથવા વધારે |
| 10 | મ્યુચ્યુઅલ ફંડ યુનિટની ખરીદી | કુલ 10 લાખ અથવા વધારે |
| 11 | વિદેશી ચલણની ખરીદી | કુલ 10 લાખ અથવા વધારે |
| 12 | અચલ સંપત્તિની ખરીદી અથવા વેચાણ | 30 લાખ (વ્યક્તિગત ટ્રાન્ઝેક્શન) |
| 13 | વસ્તુ અથવા સેવાઓ માટે રોકડ ચૂકવણી | 02 લાખ (વ્યક્તિગત ટ્રાન્ઝેક્શન) |
| 14 | નિર્દિષ્ટ સમયમાં જમા રોકડ (9 નવેમ્બરથી 31 ડિસેમ્બર 2016) | (એ) કોઈ વ્યક્તિના એક અથવા વધારે ચાલુ ખાતામાં 12.5 લાખ અથવા વધારે ડિપોઝિટ<br>(બી) કોઈ વ્યક્તિના ચાલુ ખાતામાંથી અન્ય કોઈ એક અથવા વધારે ખાતામાં 2.5 લાખ અથવા વધારે ડિપોઝિટ |

ફોર્મ 26AS સંબંધિત કોઈપણ પ્રકારના સ્પષ્ટીકરણ માટે નીચે ઉલ્લેખિત સત્તાધિકારીઓનો સંપર્ક કરો:

| **ફોર્મ 26ASનો ભાગ** | **સ્પષ્ટીકરણ અને નિદાન માટે સંપર્ક કરો** |
|---|---|
| એ A1 તેમજ A2 | કપાતકર્તા |
| બી | સંગ્રહકર્તા |
| સી | આકારણી અધિકારી / બેંક |
| ડી | આકારણી અધિકારી / ITR- CPC |
| ઈ | સંબંધિત AIR ફાઈલ |
| એફ | NSDL / સંબંધિત બેંક શાખા |
| જી | સંબંધિત TAN ધારક |

Page 7

કર ક્રેડિટ સ્ટેટમેન્ટની ઉપયોગીતા (ફોર્મ 26AS)

ફોર્મ 26ASમાં કરદાતાની નીચે ઉલ્લેખિત માહિતી ઉપલબ્ધ હોય છે જે તેને આવકવેરા રિટર્ન દાખલ કરવામાં તેમજ અન્ય કર અનુપાલનો સુનિશ્ચિત કરવામાં મદદ કરે છે.

- સંબંધિત નાણાકીય વર્ષ દરમિયાન એક સ્થળે TDS / TCS વાળા તમામ નાણાકીય ટ્રાન્ઝેક્શન
- શૂન્ય / ઓછી કપાત વાળા તમામ ટ્રાન્ઝેક્શનનું સ્ટેટમેન્ટ
- TDS / TCSથી અન્ય ચૂકવણી માટે કરવામાં આવેલા અન્ય તમામ કરોનું વિવરણ
- ફોર્મ 26ASના ભાગ A2માં ઉપબલ્ધ TDS સર્ટિફિકેટના નંબરને TDS સર્ટિફિકેટ અર્થાત ફોર્મ 16Bમાં ચકાસણી માટે ઉપયોગમાં લઈ શકાય છે
- PANની વર્તમાન સ્થિતિ
- PAN સાથે સંકળાયેલા તમામ TAN સંબંધિત TDS ભૂલનું વિવરણ
- STF ટ્રાન્ઝેક્શનનું વિવરણ
- GSTR-3B અનુસાર ટર્નઓવરનું વિવરણ

26ASમાં કર ક્રેડિટ વિવરણ ઉપલબ્ધ ના હોવાના કારણો નીચે ઉલ્લેખિતમાંથી હોઇ શકે છે:

1. કપાતકર્તા દ્વારા એકત્રિત કર સરકારના ખાતામાં જમા કરાવવામાં આવ્યો ના હોય
2. કપાતકર્તા દ્વારા TDS રિટર્ન દાખલ કરવામાં આવ્યું ના હોય
3. TDS રિટર્ન સાથે કર કપાત વિવરણ દાખલ કરવામાં આવ્યું ના હોય
4. કર કપાત વિવરણ ખોટા PAN સાથે દાખલ કરવામાં આવ્યું હોય, જે તમારો PAN ના હોય



કપાતકર્તાનો સંપર્ક કરીને:

- કપાતકર્તાને સાચો PAN જણાવ્યો હતો તેની ખાતરી કરો
- કપાતકર્તાએ કાપેલો કર જમા કરાવ્યો છે તેની ખાતરી કરો. ફોર્મ 26ASમાં નિયમિત અવલોકન કરદાતાને યોગ્ય સમયે કપાતકર્તા સાથે સંપર્ક કરવામાં સહાયતા કરે છે.
- કરદાતા https://www/tdscpc.gov.in/app/tapntdscredit.Xhtml લિંક પર "View TDS/TCS credit" સુવિધાનો ઉપયોગ કરીને જાણી શકાય છે કે, શું કપાતકર્તા / એકત્રકર્તાએ PAN સહિત તેમના ત્રિમાસિક TDS / TCS વિવરણ જમા કરાવ્યું છે કે નહીં તેમજ હાલના રેકોર્ડ્સમાં તેની સંખ્યા કેટલી કેટલી છે.

કરદાતા TRACES પર "Taxpayer Grievance Module" પર ફરિયાદ પણ કરી શકે છે.

આવકવેરા વિભાગ
(જનસંપર્ક, પ્રકાશન અને પ્રસાર)
6ઠ્ઠો માળ, મયૂર ભવન, નવી દિલ્હી

આ પેમ્પ્લેટને કાનૂનનું સંપૂર્ણ વિવરણ માનવું જોઇએ નહીં.
સંપૂર્ણ વિવરણ માટે આવકવેરા અધિનિયમ, 1961 જુઓ

ડિઝાઇન અને મુદ્રણ: એક્સેલ પ્રિન્ટિંગ યુર્નિવસ, નવી દિલ્હી

ફેબ્રુઆરી 2022